વડીલોને વંદન અભિનંદન

આજે જન્મદિવસ

વિરેન્દ્રસિંહ બલવંતસિંહ ઝાલા
(૧૯૪૯) ફોન. ૨૩૨ ૨૭૮૨૬

મુળુભા મકવાણા
(૧૯૩૮) ફોન. ૨૩૨ ૪૦૯૨૯

જયાબેન એમ. પ્રજાપતિ
(૧૯૪૫) મો.૯૯૦૯૦૦૬૬૩૩

આંતરરાષ્ટ્રીય પુષ્ટીમાર્ગીય વૈષ્ણવ પરિષદના તેજસ્વી તારલાઓનું બહુમાન કરાશે

ગાંધીનગર, તા.૨૦

આંતર રાષ્ટ્રીય પુષ્ટી માર્ગીય વૈષ્ણવ પરિષદના ગાંધીનગરના પ્રમુખશ્રી રસિકભાઈ ગાંધીએ જણાવેલ છે કે ૨૦૧૨માં ધોરણ ૧૦-૧૨ની પરીક્ષામાં ઉર્તીણ થયેલ આંતરરાષ્ટ્રીય પુષ્ટી માર્ગીય વૈષ્ણવ પરિષદના સભ્યના પાલ્યની માર્કશીટ તા. ૫મી ઓગસ્ટ સુધીમાં હવેલી મંદિર સેકટર-૨૧માં આપી જવી. પ્રથમ ત્રણ ક્રમને ઈનામ મળવા પાત્ર થશે.

અખિલ બ્રહ્મસમાજ દ્વારા શ્રાવણ માસમાં શિવ મહિમ્ન પાઠ થશે

અખિલ બ્રહ્મસમાજ દ્વારા શ્રાવણ માસમાં શિવમહિમ્ન સ્ત્રોત આદિ પાઠ રસ ધરાવતા ભક્તોને ત્યાં કરવામાં આવે છે.

છેલ્લા ૧૦ વર્ષથી આ પ્રકારે શિવ મહિમ્નના સામુહિક પાઠ કરવામાં આવે છે. પરિણામે નાની ઉંમરના બાળકોને પાઠ કંઠસ્થ થયા છે. ભાગ લેવા ઈચ્છતા ભાવિકોએ સંપર્ક કરવા જણાવવામાં આવે છે. શ્રી હરિઓમ શીવપ્રસાદ વ્યાસ ૫૪૩/૧, સેકટર-૨૮, કોલવડા નગર. ૯૪૨૬૬૪૩૮૨૯.

ગુજરાતમાં મહિલા અત્યાચારની બાર મહિનામાં ૫૩૨૫ ફરિયાદો

સર્વિસ પ્રોબ્લેમ્સના કિસ્સા વધી રહ્યાં છે, સૌથી વધુ કિસ્સા શારીરિક અને માનસિક અત્યાચારના બને છે : આયોગે ૪૫૧૨ અરજીનો નિકાલ કર્યો

(વિશેષ પ્રતિનિધિ) ગાંધીનગર, તા.૨૦

ગુજરાતમાં મહિલાઓ સંપૂર્ણ સુરક્ષિત નથી તેવા આક્ષેપો થાય છે પરંતુ તેની સાથે સાથે ગુજરાત મહિલા આયોગનો અહેવાલ પણ તે દિશામાં અંગૂલી નિર્દેશ કરે છે. જેમને પોલીસ મારફતે ન્યાય નથી મળ્યો તેવા ૫૩૨૫ કિસ્સા ગુજરાતમાં એવા નોંધાયા છે કે જેમણે ન્યાય મેળવવા માટે મહિલા આયોગનું શરણું લીધું છે.

છેલ્લા એક વર્ષમાં મહિલા આયોગને રાજ્યભરમાંથી મળેલી અરજીઓમાં સૌથી વધુ શારીરિક અને માનસિક ત્રાસ અંગેની છે. ૧૫૮૮ કિસ્સા સાથે પ્રથમક્રમ તેનો આવે છે. બીજાક્રમે સર્વિસના પ્રોબ્લેમ્સ છે. તેની અરજીઓ ૩૮૯ મળી ચૂકી છે.

એ ઉપરાંત જાતિય સતામણીની ૧૫૮, દહેજની માગણી કરતી ૧૯૧, દહેજના કારણે અપમૃત્યુ ૧૮૧, બળાત્કારની ૧૬૮, અપહરણની ૨૬૦ અને અન્ય ૨૧૪૬ પ્રકારની અરજીઓ આયોગને વર્ષ દરમ્યાન મળી હતી. હવે તો લગ્નજીવનના પ્રશ્નોને લગતી અરજીઓ પણ નોંધવામાં આવે છે.

આવી અરજીઓની સંખ્યા ૨૪૪ છે.

જો કે મહિલા આયોગ બન્ને પક્ષકારોને એકત્ર કરીને તેમના પ્રશ્નોનો નિકાલ લાવે છે. મહિલા અને બાળ કલ્યાણ વિભાગના સચિવ અંજુ શર્માએ રજૂ કરેલા રિપોર્ટમાં ૫૩૪૬ પૈકી ૪૫૧૨ અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો છે. સૌથી વધુ પ્રશ્નો હલ થયા હોય તેવા માનસિક ત્રાસના કિસ્સા છે, જેમાં ૧૩૭૭નો નિકાલ કરવામાં આવ્યો છે. સર્વિસ પ્રોબ્લેમ્સના ઘણાં કિસ્સા પડતર છે.

આયોગ તરફથી દર મહિને પ્રશ્નોનો નિકાલ કરવામાં આવતો હોય છે. માર્ચ-૨૦૧૨માં ૧૦૨ કિસ્સાનો નિકાલ થયો છે. હવે ૮૧૩ કેસો બાકી રહ્યાં છે. આયોગ દ્વારા મહિલાઓની સલામતી માટેની બાબતો તપાસવામાં આવે છે. જરૂર પડ્યે આયોગની ટીમ ઘટનાસ્થળે મુલાકાત પણ લેતી હોય છે. આયોગ નારી અદાલત યોજે છે. મહિલા હેલ્પલાઈન શરૂ કરી છે. સેમિનાર, સંમેલનો કરે છે. અખબારી અહેવાલોની સમીક્ષા પણ કરે છે.

આવતીકાલે અનુસૂચિત જાતિઓના પદાધિકારીઓનો સન્માન સમારંભ યોજાશે

ગાંધીનગર, તા. ૨૦

જનચેતના મંચ, લોક જાગૃતિ ફાઉન્ડેશનતેમજ સમય ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે ગાંધીનગર જિલ્લાના અનુસૂચિત જાતિના તેજસ્વી તારલાઓ તેમજ આઈ.એ.એસ./આઈ.પી.એસ. જેવી ઉચ્ચકક્ષાની પરીક્ષામાં સફળતા પ્રાપ્ત કરનાર પદાધિકારીઓના સન્માનનો કાર્યક્રમ તા. ૨૨ જુલાઈના રોજ સવારે ૯.૩૦ કલાકે ડૉ. આંબેડકર ભવન, સે. ૧૨ ગાંધીનગર ખાતે રાખવામાં આવ્યો છે. તો સમાજના વિકાસમાં રસ ધરાવતા આગેવાનો અગ્રણીઓને પધારવા આમંત્રણ પાઠવવામાં આવે છે.

આવતીકાલે આનંદીમાના વડલે પરમ પૂજ્ય મહંત દેવપ્રસાદજી પધારશે

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લાના માણસા ગામે શ્રી વિઘ્નેશ્વરી પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટ પ્રેરિત આનંદીમાનો વડલો અને માં પાલઈ વિઘ્નેશ્વરી ધામમાં અનેક સેવાકીય પ્રવૃત્તિઓ ચાલે છે ત્યારે જામનગરની આણદાબાવા સેવા સંસ્થાના પરમ પૂજ્ય મહંતશ્રી દેવપ્રસાદજી મહારાજ આવતીકાલે તા. ૨૨મી જુલાઈ ૨૦૧૨ને રવિવારના રોજ બપોરે ૨ કલાકે માણસા ખાતે આનંદમાના વડલે ખાસ ઉપસ્થિત રહેશે.

સાબરકાંઠા આર.ટી.ઓ. દ્વારા હાથ ધરાયેલા ઓવરલોડ વાહન ચેકીંગ અભિયાન અંતર્ગત તલોદ પંથકમાંથી આર.ટી.ઓ. અધિકારીઓએ ૯ ટ્રકો ઝડપી લઈ તેમના વિરુધ્ધ તલોદ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ હતી.
(તસવીર : દશરથ વણઝારા, તલોદ)

નમૂનેદાર કામગીરી કરવા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શ્રી અડવાણીએ એક ગામને બદલે સમગ્ર તાલુકાને જ નિર્મળ બનાવવાના અભિગમને આવકાર્યો હતો. આ બેઠકમાં કોંગ્રેસના ધારાસભ્ય શ્રી બાબુજી ઠાકોર અને સુરેશ પટેલે નિર્મળ તાલુકા માટે ગ્રાન્ટની ફાળવણીમાં થતા વિલંબ અંગે રજુઆત કરી હતી. આ બન્ને આગેવાનોએ આ મુદ્દે કેન્દ્રમાંથી વધુ સહાય મળે તેમ છે પણ તંત્રની ઉદાસીનતા છે આ અંગેની દરખાસ્ત મોકલવી જોઈએ. તેમણે શૌચાલય યોજનામાં રાજ્ય અને કેન્દ્રની સહાયના ધોરણોમાં પણ સમાનતા લાવવા પર ભાર મુક્યો હતો.

આ બેઠકમાં જિલ્લામાં ઈન્દિરા આવાસ યોજના, વોટર શેડ યોજના, મનરેગા યોજના તેમજ આર.એસ.બી.વાય. યોજના, બોલ્ડ એજ પેન્શન યોજના સહિતની વિવિધ યોજનાઓની સમીક્ષા કરવામાં આવી હતી.

ઈન્દિરા આવાસ યોજનાની કામગીરીમાં પ્રગતિ અંગે શ્રી અડવાણીએ પ્રસન્નતા વ્યક્ત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે ગામ્ય વિસ્તારમાં સ્વચ્છતા અભિયાનને વધુ અસરકારક બનાવવુ જોઈએ. ઓકટો. માસમાં પુનઃ સમીક્ષા કરવાની ખાત્રી આપી તેમણે અન્ય યોજનાઓમાં પણ સારી કામગીરી માટે અધિકારીઓને અનુરોધ કર્યો હતો.

આ બેઠકમાં જિલ્લા કલેક્ટર શ્રી પી. સ્વરૂપ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી એમ.એ. ગાંધી, ડી.આર.ડી.એ.ના નિયામકશ્રી રાજેન્દ્ર ત્રિવેદી, પ્રાંત અધિકારી કલોલ, પ્રાંત અધિકારી ગાંધીનગર સહિત સાંસદ શ્રીમતિ જયશ્રીબેન પટેલ, ધારાસભ્યો શ્રી શંભુજી ઠાકોર, શ્રી સુરેશ પટેલ, શ્રી બાબુજી ઠાકોર તેમજ અધિકારીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ધોળાકુવા ગામનો એક કલાક કરતાં પણ વધુ સમય સુધી રાઉન્ડ લઈ પાણીજન્ય રોગચાળાની સ્થિતિ કેમ ઉદભવી તેમજ ગ્રામજનોની મુશ્કેલીઓ અંગેની રજુઆતો આ કાઉન્સીલરોએ સાંભળી હતી. ગ્રામજનોએ પાણીમાં આવતો કચરો પણ બતાવ્યો હતો.

ગામમાં નિયમિત સફાઈનો આગ્રહ પણ મેયર શ્રી રાણાએ રાખ્યો હતો. તેમણે આંગણવાડી કેન્દ્રમાં થતા પાણીના લીકેજ અંગે પણ પ્રા. શિક્ષણના અધિકારીઓનું ધ્યાન દોરવા અંગેની ખાત્રી ગ્રામજનોને આપી હતી.

ધોળાકુવામાં પાટનગર યોજના ભવન દ્વારા ગટર લાઈનો દ્વારા પાણીના નિકાલ માટે ગટર કામ પૂર્ણ થયેલ ન હોવાથી તેમજ જોડાણ પણ કરેલ ન હોવાથી ગટરો ચોક અપ થઈ ગયેલી જોવા મળેલ છે. જેને પરિણામે પાણીનો યોગ્ય માત્રામાં નિકાલ ન થતો હોવાથી ગટરો ઠેરઠેર ઉભરાવાનાં બનાવો બનેલા જોવા મળે છે. જે બાબતને લઈ મેયરશ્રીએ રાજય સરકારનાં પાટનગર યોજના વિભાગનાં અધિકારીને સૂચનો કરતા તેઓએ હાલ પૂરતું સત્વરે ઉકેલ લાવવા હૈયા ધારણા આપી છે.

વિસ્તારની મુલાકાત દરમિયાન મહાનગરપાલિકાનાં મેયરશ્રીએ સાફ સફાઈ બાબતે વિશેષ ધ્યાન રાખવા પાલિકાનાં અધિકારીઓને જરુરી સૂચનાઓ આપી હતી. તેમજ સેકટર-૧૪ના ગોકુળપુરા વિસ્તારની મુલાકાત પણ લીધી હતી. ત્યાંના સ્થાનિક રહીશોની જરુરી રજુઆતો પણ સાંભળીને તેના નિરાકરણ માટે જે તે વિભાગને સુચનાઓ આપી હતી.

મુલાકાત દરમિયાન ગાંધીનગર મહાનગરપાલિકાનાં મેયર મહેન્દ્રસિંહ રાણાની સાથે શહેર કોંગ્રેસ પ્રમુખ મુકેશ પટેલ, ડે. મેયર યુસુફભાઈ પરમાર, સ્થાયી સમિતિના ચેરમેન પ્રવિણભાઈ પટેલ, નેતા ચિમનભાઈ વિંઝુડા, પ્રવકતા અશ્વિનભાઈ કે. વ્યાસ, ઉપનેતા હસમુખકુમાર મકવાણા, મંત્રી પિન્કીબેન પટેલ, દંડક ભાવનાબા વાઘેલા, શૈલેન્દ્રસિંહ બિહોલા, નામદેવભાઈ વર્સાત, મીનાબેન વાઘેલા, ભાવનાબા ચાવડા, હર્ષજિત પંડયા, સુભાષભાઈ પાંડવ, જીતુભાઈ રાયકા, અશોકભાઈ શ્રીમાળી, હંસાબેન મોદી તેમજ રંજનબેન ખાંટ ઉપરાંત શ્રી અંકિત બારોટ, શ્રી કે.આર. પટેલ, શ્રી વિજયસિંહ સહિતના આગેવાનો હાજર રહ્યા હતા. તેમની આ મુલાકાત વેળાએ આરોગ્યની મલેરિયા શાખાના અધિકારીઓ તેમજ ઈન્સ્પેકટર વાઘજીભાઈ દેસાઈ સહિતના અધિકારીઓ હાજર રહ્યા હતાં.

પોલીસે શોધી કાઢયા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હોવાનું ધ્યાને આવ્યું છે. ગાંધીનગર રેન્જમાં વર્ષ ૨૦૧૨માં ગુમ થયેલા ૬૧ બાળકો પૈકી ૫૪ બાળકોને શોધી વાલીને સોંપી દેવાયા છે જ્યારે આ પૈકી ૩૫ બાળકોને માત્ર ૨૪ કલાકમાં જ શોધી કઢાયા છે જ્યારે બાકી રહેલા અન્ય ૭ બાળકોની તપાસ ચાલુ છે. યુનિસેફના ગુજરાત રાજયના ચીફ ડૉ. પ્રકાશ ગુરનાનીએ જણાવ્યું હતું કે આ તાલીમ દરમિયાન માત્ર નોલેજ અપગ્રેડ કરવા બાબતે જ કાઈમ કરતુ ન હતુ. પરંતુ દીમાગ અને દીલને એપ્લાય કરી પોતાના રોલથી વિશેષ કામ થઈ શકે તેવી ભાવના પોલીસ કર્મચારીઓમાં ઉદ્‌ભવે તે માટે પ્રયાસ કરાયો હતો. ગુમ થયેલા બાળકોને શોધવામાં પ્રસંશનીય કામગીરી કરવા બદલ રેન્જના ૧૬ પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓનું સન્માન કરાયું હતું. આ દરમિયાન ગાંધીનગર રેન્જના વડા સમસેરસિંઘ, જિલ્લા પોલીસવડા અર્ચના શિવહરેની ઉપસ્થિતિમાં પોલીસ અધિકારીઓને પ્રશંસાપત્ર અપાયું હતું. જેમાં કલોલ તાલુકાના પી.આઈ. પી.ઓ.ભટ્ટ, પોલીસ કોન્સ્ટેબલ રવિન્દ્રકુમાર લક્ષ્મીનારાયણ, અડાલજ પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. બી.એમ. રાઠવા, સે. ૭ પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ કાળાભાઈ મગનભાઈ, સંજય પિયુષભાઈ તેમજ લોકરક્ષક ભરત મણાભાઈ અને રાજુ રામજીભાઈને બિરદાવ્યા હતા.

આ ઉપરાંત સાબરકાંઠા જિલ્લાના ગાંભોઈ પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. એ.એલ. આચાર્ય, હે.કો. કાંતિલાલ ભગાભાઈ, જિતેન્દ્રસિંહ વિજેન્દ્રસિંહ અને રાયચંદભાઈ રત્નાજીને પણ પ્રશંસાપત્ર એનાયત કરવામાં આવ્યું હતું. હિંમતનગરના પોલીસ ઈન્સ્પેક્ટર જે.એમ. આલ, મહેસાણાના પી.આઈ. એસ.એન. પટેલ, બી. વી. ત્રિવેદી, એ.એસ.આઈ. બાલાસાહેબ આત્યારા તેમજ પોલીસ કોન્સ્ટેબલ રાજેન્દ્રસિંહ બટુકસિંહને પણ ઉમદા કામગીરી બદલ રેન્જના વડાએ બિરદાવ્યા હતા. આ તબક્કે ગુમ થયેલા બાળકોની શોધખોળ માટે હાથ ધરેલી કાર્યવાહી સંદર્ભે પણ પોલીસ અધિકારીઓએ તપાસની ગતિવિધિઓ અંગે જાણકારી આપી હતી.

અડધો કલાકની ચર્ચા

● અનુસંધાન પહેલાનું ચાલુ

દોર શરૂ થયો છે પરંતું પાર્ટીના મહામંત્રી પુરુષોત્તમ રૂપાલા કહે છે કે અડવાણી અને મોદી વચ્ચે કોઈ મતભેદ નથી. રૂપાલાએ કહ્યું હતું કે બન્ને વચ્ચેની બેઠક ઔપચારિક હતી.

ભાજપમાં એવું અનુમાન ચાલી રહ્યું છે કે મોદીએ અડવાણીને વિધાનસભાની ચૂંટણીની કામગીરીથી અવગત કર્યા છે તેની સાથે કેશુભાઈ પટેલે શરૂ કરેલી ઝૂંબેશ અંગે નારાજગી વ્યકત કરી છે. હવે આ બેઠક પછી જો દિલ્હીથી કેશુભાઈ માટે કોઈ ફરમાન આવે તો નવાઈ પામવા જેવું નથી.

મેડીકલ કોલેજમાં

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ પૈકી ૬૦થી વધુ વિદ્યાર્થીઓએ તેમના હાજર રિપોર્ટ આપી દીધા છે. આજે ૫૦ જેટલા વિદ્યાર્થીઓ હાજર થઈ ગયા છે.

ગાંધીનગર મેડીકલ કોલેજની હોસ્ટેલમાં ૪૦ જેટલા વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવી લીધો હોવાનું પણ સત્તાવાળાઓએ જણાવ્યું છે.

દરમ્યાન એન.આર.આઈ. કવોટાની ૧૧૩ બેઠકો જે પાંચ જી.એમ.આર.સી.ની કોલેજોની છે તે માટે ૪૦૦ જેટલા અરજીપત્રકો ભરાઈને આવ્યા છે. હવે આ ફોર્મની ચકાસણી કરી અને મેરીટ લીસ્ટ તૈયાર કરવામાં આવશે. આ વિદ્યાર્થીઓના પ્રવેશની કાર્યવાહી પણ આ માસાન્તે કદાચ હાથ ધરવામાં આવે તેવી શક્યતાઓ છે.

સમાચાર ઝલક

- ડેમોના પાણી સિંચાઇ માટે આપવાની મનાઇ, વરસાદ ખેંચાતા લેવાયેલો નિર્ણય.
- આઇ.પી.એલ.માં અશ્લિલ ડાન્સ, ક્રિકેટ બોર્ડ સહિત અનેકને હાઇકોર્ટની નોટિસ.
- રાજધાની-શતાબ્દી જેવી ટ્રેનોમાં હવે સંભળાશે કલાસિકલ સંગીત.
- કર્ણાટક એસ.ટી. તરફથી અઘતન એસ.ટી.રૂટ ચાલુ કરેલ છે. જેમાં શૌચક્રિયા માટેની સગવડો, ભોજન, નાસ્તા માટેની સગવડ દરેક બેઠક પર ટી.વી. ચેનલોથી સજ્જ.
- આસામ, બંગાળમાં પૂરની પરિસ્થિતિ વણસી, હજારો લોકો અસરગ્રસ્ત.
- બહુચરાજી સ્ટેટ બેંકમાંથી એક લાખની તફડંચી કરીને ગઠીયો ફરાર.
- રાજેશ ખન્નાનાં અગ્નિ સંસ્કાર ભીડને કાબૂમાં લેવા લાઠીચાર્જ.
- ભોપાલમાં બાબા રામદેવનાં કાફલાં પર પથ્થરમારો, સજ્જનતા પૂર્વક વર્તવા બાબા રામદેવની કોંગ્રેસને શીખ.
- જન્માષ્ટમીમાં ગોવા બનશે ગુજરાત, અત્યારથી બુકિંગ.
- આટકોટ - જસદણ પંથકમાં ૩.૪ તીવ્રતાનો ભૂકંપ જાનહાનિ કે નુકશાન નથી થયું.
- રાજકોટમાં ૬ બહેનો વચ્ચનો એકનો એક ભાઇ ડેમના કાદવમાં ખુંપી જતાં મોત.
- હવે તો લોકપાલ અથવા મોતું બલિદાન : અણ્ણા હજારે.
- મહિલા ઉપર અત્યાચાર કર્યો તો આજીવન કેદ.
- કૃષિપ્રધાન શ્રી શરદ યાદવ અને પ્રફુલ્લ પટેલ પ્રધાનપદેથી રાજીનામા આપી દીધા છે.
- અમદાવાદ શહેરમાં ગેંગે ૧૨ બાઇકો સળગાવતાં ચકચાર.
- પોરબંદરમાં એસ.ટી.એમ.નું વીજ કનેકશન કપાતાં બંધ, લોકોમાં હાડમારી.

રિ-સર્વેની કામગીરી...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

થઈ છે તેમાં ગાંધીનગરના ૭૭, માણસાના ૪૮ કલોલના ૨૫ અને દહેગામ તાલુકાના ૩૮ ગામોનો સમાવેશ થાય છે.

જિલ્લામાં રિ-સરવેની કામગીરી થોડીક ધીમી ગતિએ ચાલી રહી હોવાનો તંત્રના અધિકારીઓ દ્વારા આડકતરો એકરાર કરાયો છે પણ તેમના જણાવ્યાનુસાર આ કામગીરી કઠિન જરૂર છે એટલુ જ નહિ આ કામગીરીમાં સૌને સાથે રાખી આગળ વધવાનું હોય છે એટલે થોડોક વિલંબ તો થવાનો જ. જો કે હવે પછી અન્ય જિલ્લાઓમાં આ પરિસ્થિતિનો સામનો કરવો નહિ પડે.

મળતી વિગતો પ્રમાણે જે ગામોમાં રિ-સરવેની કામગીરી સંપન્ન થઈ છે તેવા ૧૮૭ ગામો પૈકી ૯૧ ગામોના ખાતેદારોને નોટીસ મહેસુલ અધિનિયમ ૧૮૭૯ની કલમ ૧૦૬ અન્વયે બજાવી દેવામાં આવી છે. આ નોટીસો આપવાની કામગીરી હાલ ચાલુ હોવાનું પણ જાણવા મળેલ છે. જે ગામોના ખાતેદારોને નોટીસો અપાઈ છે તેમાં ગાંધીનગરના ૬૧, માણસાના ૨૨ અને દહેગામ તાલુકાના ૮ ગામના ખાતેદારોનો સમાવેશ થાય છે.

ખાતેદારોને અપાયેલ નોટીસો પછી તંત્રને ત્રણ થી ચાર પ્રકારના વાંધાઓ વધારે મળ્યા છે જેમાં ક્ષેત્રફળ, હદ અને નામ અંગેના હોય છે ખેડૂત ખાતેદારોને હાલ જે નોટીસ આપવામાં આવે છે તેમાં તેના ખેતરની ચર્તુદિશા દર્શાવી ક્ષેત્રફળ સાથેની આપવામાં આવે છે જેથી તેને પોતાના વાંધા રજુ કરવામાં કોઈ મુશ્કેલી નડે નહિ.

તંત્રને મળેલા વાંધાઓ અંગે સ્થળ પર જઈ અગાઉની સ્થિતિ સાથેના રેકર્ડ સાથે માપણી કર્યા બાદ તેની શંકાઓનું સમાધાન કરવામાં આવે છે.

હાલ ગાંધીનગર જિલ્લાના કલોલ અને દહેગામ તાલુકામાં રિ-સરવેની કામગીરી ચાલી રહી છે અને તે બે માસમાં જ પુરી કરવાનું આયોજન છે તેમ તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે. જિલ્લામાં રિ-સરવેની આ કામગીરી પાછળ અંદાજે રૂ. ૩ કરોડનો ખર્ચ થશે.

ભવ્યાતિભવ્ય કાર્યક્રમ...

● ત્રીજા પાનાનું ચાલુ

વિવિધ કાર્યક્રમો યોજાશે તથા સમગ્ર અમદાવાદના ૩૦૦૦ થી વધારે ભાવુકોની ચન્દ્રશેખર વિજયજી જ્ઞાન દિપક વિદ્યાપીઠ દ્વારા જ્ઞાનદીપક પરીક્ષા આપવાની જાહેરાત કરાશે. સૌને જ્ઞાન કરવાનો પુરૂપાર્થ કરવાના સંકલ્પો કરાવશે.

પ્રભુમિલન દિને તા. ૨૫ જુલાઈ, બુધવારે વહેલી સવારે ૬.૩૦ થી ખુશનુમા વાતાવરણમાં પ્રભુમાં ભળવાનો પૂ. ગુરૂદેવશ્રીને અત્યંત ગમતો કાર્યક્રમ યોજાશે. પૂ. ગુરૂદેવશ્રીના શિષ્ય પંન્યાસશ્રી મેઘદર્શનવિજયજી મ.સાહેબ ભાવવિભોર બનીને સંવેદનાત્મક શૈલીમાં સંગીતના માહોલમાં પરમાત્માનું મિલન સૌને કરાવીને ગુરૂ સાથેનું મિલન પણ કરાવશે. રાત્રે ૮.૩૦ કલાકે સુખદેવભાઈ ગઢવીનો ડાયરો સદ્‌ગુરુજીવન ઝરમર યોજાશે.

ચારિત્ર્યદિને તા. ૨૬ જુલાઈ ગુરૂવારે સમગ્ર અમદાવાદમાં ૨૦,૦૦૦ ભાવુકો સામાયિકવ્રત કરીને અને ૧૧,૦૦૦ બાવુકો આયંબિલતપ કરીને ગુરૂદેવના ચરણે ચારિત્ર્યધર્મનું ભેટણું ધરશે. ચારિત્ર્યવંદનાવલી સવારે ૯ કલાકે અને 'ગુરૂચરણના પગલાંનો પમરાટ' કાર્યક્રમ રાત્રે ૮.૩૦ વાગે યોજાશે.

કૌટુમ્બિક પુરુષદિને તા. ૨૭ જુલાઈ શુક્રવારે નાનામાં નાના કર્મચારી કે નોકરને નોકર ન માનતા પોતાના કુટુંબના સભ્ય માનવાની પૂ. ગુરુદેવની ભાવનાને ચરિતાર્થ કરવા ૨૦૦૦ કૌટુમ્બિક પુરૂષો (પૂજારી-વોચમેન) વિગેરેનું વિશિષ્ટ બહુમાન કરાશે. સવારે તેનો મહિમા જણાવતો કાર્યક્રમ તથા રાત્રે તપોવની બાળકો દ્વારા પૂ. ગુરદેવના જીવનનો તાદ્રશ ચિતાર ખડો કરતો કાર્યક્રમ યોજાશે.

પાલખીયાત્રા કરૂણાદિને તા. ૨૮ જુલાઈ શનિવારે તપોવન અમિયાપુરમાં વિશાળ મેદનીમાં ભવ્ય ગુણસંવેદનાનો અભૂતપૂર્વ કાર્યક્રમ સ્વર્ગવાસ સમય, બપોરે ૧૨.૪૦ સમયે દેશ-વિદેશમાં ઘંટનાથ સાથે પૂ. ગુરૂદેવશ્રીના દૈવીસ્વરૂપને સમગ્ર પ્રજાનાહિત માટે વિશિષ્ટ આહ્વાન અને મંત્રજાપનું અનુપમ આયોજન.

શ્રદ્ધાંજલિ દિને, તા. ૨૯ જુલાઈ રવિવારે સવારે ૯.૩૦ કલાકે તપોવન સહિત દેશ-વિદેશના તમામ સ્થળે ત્યાં બિરાજતા ગુરૂભગવંતોની નિશ્રામાં પૂ. ગુરૂદેવના ગુણ-કિર્તન સાથે 'ઊર્જા-પુરુષ' શ્રદ્ધાંજલિ અંકનું વિમોચન થશે જેમાં મુખ્યપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી, અધ્યક્ષ શ્રી ગણપતભાઈ વસાવા, ૬૧ આચાર્ય ભગવંતો, સ્વામી નારાયણ સંપ્રદાયના શ્રી પ્રમુખસ્વામીજી જૈન સંઘના શ્રી શ્રેણીકભાઈ શેઠ આદી અનેક મહાનુભાવોની પૂજ્ય ગુરૂદેવની ગુણગરિમાને અપાયેલી અંજલીઓ રજૂ થઈ છે.

શબ્દાવલી - ૪૭૯૪



આડી ચાવી

૧. ઉપજ (૩)
૩. સૂરજ ઉગે તે દિશાનું (૪)
૬. ફરતારામ (૫)
૭. એક અભિનેત્રી (૩)
૯. બિમારી (૨)
૧૧. ટાલવાળું (૩)
૧૨. ઈચ્છા, અપેક્ષા (૨)
૧૩. પાર્વતી, ઉમા (૨)
૧૫. રંગ, વર્ણ (૨)
૧૬. એક વાદ્ય મદારી વગાડે તે (૨)
૧૭. ગૃહકાર્ય (૪)
૧૯. આવવા જવાની ક્રિયા (૫)
૨૦. જાગૃત (૩)
૨૧. નાગની માદા (૩)

ઊભી ચાવી

૧. આશરા વિનાનું (૪)
૨. એક ફળ (૪)
૩. એક લખાણમાંથી જોઈને નકલ કરવી (૩)
૪. ગ્રાહક (૩)
૫. આપણે ટપટપથી મતલબ નથી... થી મતલબ (૨)
૮. વાનગી (૪)
૧૦. સહેલું, સરળ (૩)
૧૨. 'આવાગમન' શબ્દ આડોઅવળો (૫)
૧૩. રઘવાટ (૩)
૧૪. વાટ, રસ્તો (૩)
૧૬. સ્વતંત્ર, મિજાજનું (૩)
૧૮. મનો...., ઈચ્છા (૩)
૧૯. અગ્નિ (૨)

શબ્દાવલી ૪૭૯૩ના જવાબ

આડી ચાવી :- (૧) વિવશ (૩) વાતડ (૫) તન (૬) કપટ (૮) શપથ (૯) તરૂ (૧૦) ગલીકૂંચી (૧૨) રોક (૧૩) ખત (૧૪) ફરાર (૧૭) લાપોટા (૨૦) રજા (૨૧) દેન (૨૩) નીયત (૨૫) શરમ (૨૬) ફોકટ

ઊભી ચાવી :- (૧) વિતરાગ (૨) વન (૩) વાટ (૪) ડમરૂં (૬) કપચી (૭) પથ (૮) શકૂંતલા (૯) તકરાર (૧૧) લીખ (૧૨) રોફ (૧૫) રજાઈ (૧૬) આદેશ (૧૮) પોની (૧૯) ટાયફો (૨૨) નર (૨૪) તક